નમૂનો-૧

**અગ્રતા ક્રમ:-** **૪**

વિભાગ: મહેસૂલ વિભાગ

તારાંકિત પ્રશ્ન:- *૧૪૫૩

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ : ૨૦.૦૨.૨૦૨૪

(બીજી બેઠક)

પ્રશ્નનું શિર્ષક:- ખેડા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ

પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર:-

**માન. ધારાસભ્યશ્રી યોગેન્દ્રસિંહ પરમાર(ઠાસરા)**

અનુક્રમણિકા

| ક્રમ નં | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| મૂળ પ્રશ્ન | ખેડા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ | |
| જવાબ | વિભાગનો મૂળ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ/સરકારશ્રીની નીતિ | પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ |
| ૧ | ખેડા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિનખેતી પરવાનગી મળવા બાબતની મળેલ ઓનલાઇન અરજીઓ પૈકી કેટલી અરજીઓ દફતરે કરવામાં આવેલ છે? | શ્રી યોગેન્દ્રસિંહ પરમાર (ઠાસરા) |
| ૨ | ખેડા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિનખેતી પરવાનગી મળવા બાબતની મળેલ ઓનલાઇન અરજીઓ દફતરે કરવાના કારણો શા છે? | શ્રી યોગેન્દ્રસિંહ પરમાર (ઠાસરા) |
| ૩ | ખેડા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિનખેતી પરવાનગી મળવા બાબતની મળેલ ઓનલાઇન અરજીઓ પૈકી કેટલી અરજીઓ પડતર છે? | શ્રી સંજયસિંહ મહિડા (મહુધા) |
| ૪ | અરજી દફ્તરે થવી અને અરજી નામંજૂર થવી એટલે શું ? આ બંનેમાં શું તફાવત છે ? | શ્રી સંજયસિંહ મહિડા (મહુધા) |
| ૫ | બિનખેતી પરવાનગી માટે વસુલવામાં આવતી પ્રોસેસ ફી કયા દરે વસૂલવામાં આવે છે? તથા એકવાર દફતરે કરેલ બિનખેતી પરવાનગીની અરજી પુન: કરવામાં આવે ત્યારે કેટલી પ્રોસેસ ફી વસૂલવામાં આવે છે? | શ્રી રાજેશકુમાર ઝાલા (કપડવંજ) |
| ૬ | બિનખેતી પરવાનગી આપવાની વૈધાનિક સમયમર્યાદા કેટલી છે ? | |
| ૭ | બિનખેતી પરવાનગીના નાણાં ભરપાઇ કરવાની જાણ થયા બાદ કેટલી સમયમર્યાદામાં તે ભરપાઇ કરવાના રહે છે? | |
| ૮ | બિનખેતી પરવાનગી સબંધિત કાર્યપદ્ધતિ સમગ્ર રાજયમાં કયારથી ઓનલાઇન કરવામાં આવેલ છે? | |
| ૯ | બિનખેતી પરવાનગીની અરજી સાથે અરજદારશ્રી દ્વારા ક્યાં-ક્યાં આધારપુરાવા/ દસ્તાવેજો જોડવાના રહે છે? | |
| ૧૦ | પ્રોસેસ ફી કયા મોડમાં જમા કરાવી શકાય છે? | |
| | પૂરક માહિતી | |

# ખેડા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ

તારાંકિત પ્રશ્ન

ક્રમાંક: પ્ર/

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1453

વિષય:

ખેડા જીલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 16/01/2024 | તારીખ 14/02/2024 | 01/02/2024 |
| *15/4/1453 | શ્રી યોગેન્દ્રસિંહ પરમાર (ઠાસરા) | |

મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન જણાવવા કૃપા કરશે કે:-

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખેડા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર જમીનની બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૩) આવી અરજીઓ નામંજૂર કરવાના કારણો શા છે?

----

મુખ્ય પેજ પર જાઓ

# વિભાગનો મૂળ જવાબ

Letter No: RD/0819/02/2024 Dt: 13-02-2024

**ખેડા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ**

*૧૫/૪/૧૪૫૩ : શ્રી યોગેન્દ્રસિંહ પરમાર(ઠાસરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખેડા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૪૯૨૦ |
| (૨) ઉક્ત સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર જમીનની બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને | (૨) પત્રક-અ મુજબ |
| (3) આવી અરજીઓ નામંજૂર કરવાના કારણો શા છે? | (3) અરજદારશ્રી ખેડૂત ખાતેદાર હોવાનું જણાતું ન હોય, ખેડા જિલ્લાના વસો તાલુકાની માત્ર એક અરજી નામંજૂર કરવામાં આવેલ છે. |

---

ક્રમાંક:- RD/VSP/e-file/15/2024/1439/K(LandAq)

મહેસૂલ વિભાગ,

સચિવાલય,ગાંધીનગર.

તા........../૦૨/૨૦૨૪

પ્રતિ,

સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર, તરફ તેઓશ્રીના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૪૫૩ ના અનુસંધાને

(ભાવિન પટેલ)

નાયબ સચિવ(જમીન)

મહેસૂલ વિભાગ,ગુજરાત સરકાર

નકલ રવાના:-

- સેકશન અધિકારીશ્રી,"બ-૧"શાખા,મહેસૂલ વિભાગ,સચિવાલય, ગાંધીનગરને તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૪૫૩ના નિકાલ સંદર્ભ જાણ સારૂં.
- સિલેક્ટ ફાઈલ

File No: RD/VSP/e-file/15/2024/1439/K (Land Aq)
Approved By: Minister,Minister Office-IMD,IMD
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

<u>પત્રક-અ</u>

| અનુ નં. | તાલુકાનું નામ | કુલ મળેલ અરજીઓ | મંજુર | દફતરે | નામંજૂર |
|---|---|---|---|---|---|
| ૧ | કઠલાલ | ૬૦૦ | ૩૯૩ | ૨૦૭ | ૦ |
| ૨ | કપડવંજ | ૨૨૧ | ૧૩૫ | ૮૬ | ૦ |
| ૩ | ખેડા | ૧૦૨૩ | ૭૨૬ | ૨૯૭ | ૦ |
| ૪ | ગળતેશ્વર | ૧૧૭ | ૭૨ | ૪૫ | ૦ |
| ૫ | ઠાસરા | ૧૬૪ | ૧૦૫ | ૫૯ | ૦ |
| ૬ | નડીઆદ (શ) | ૩૦૫ | ૨૧૩ | ૯૨ | ૦ |
| ૭ | નડીઆદ (ગ્રા) | ૮૬૧ | ૪૬૯ | ૩૯૨ | ૦ |
| ૮ | મહુધા | ૧૦૬ | ૬૨ | ૪૪ | ૦ |
| ૯ | મહેમદાવાદ | ૬૭૮ | ૪૧૩ | ૨૬૫ | ૦ |
| ૧૦ | માતર | ૬૬૨ | ૪૩૫ | ૨૨૭ | ૦ |
| ૧૧ | વસો | ૧૮૩ | ૯૯ | ૮૩ | ૧ |
| | કુલ | ૪૯૨૦ | ૩૧૨૨ | ૧૭૯૭ | ૧ |

મુખ્ય પેજ પર જાઓ

## ફાઈદ: સરકારશ્રીની નીતિ

- ખેડા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિનખેતી માટેની પરવાનગી માગવા બાબતની અરજીની વિગતો નીચે મુજબ છે.

| મળેલી અરજીઓ | મંજુર અરજી | દફતરે | ના-મંજુર અરજી | પડતર |
|---|---|---|---|---|
| ૪૯૨૦ | ૩૧૨૨ | ૧૭૯૭ | ૧ | ૦(શૂન્ય) |

ઓનલાઇન ટેકનોલોજીના માધ્યમથી અરજદારોને પડતી મુશ્કેલીઓના નિવારણ માટે મહેસૂલ વિભાગના તા.૧૨/૧૨/૨૦૧૮ના પરિપત્ર દ્વારા બિનખેતી પરવાનગી સબંધિત કાર્યપધ્ધતિ સમગ્ર રાજ્યમાં ઓનલાઇન કરવામાં આવેલ છે. આ પરિપત્રથી ઓનલાઇન અરજી, સ્વઘોષણાપત્ર, પ્રકિયા ફી, પુર્વ ચકાસણીની કામગીરી,ઓનલાઇન અભિપ્રાય, મહેસૂલી ટાઇટલની ચકાસણી તથા ઓનલાઇન પેમેન્ટ સબંધિત જોગવાઇઓ કરવામાં આવેલ છે.

બિનખેતી પરવાનગીની સમગ્ર પ્રકિયા ૯૦ દિવસની વૈધાનિક મર્યાદામાં પુરી કરવાની રહે છે. અરજી ના-મંજૂર/દફતરે કરવાના કિસ્સામાં લેખિતમાં ઓનલાઇન જાણ કરવાની રહે છે. બિનખેતી પરવાનગીની મંજૂરીના કિસ્સામાં નિયમાનુસાર નાણા ભરપાઇ કરવાની જાણ અરજદારશ્રીને ઓનલાઇન ઇ-મેઇલ / એસ.એમ.એસ.થી કરવાની રહે છે. તદઅન્વ્યે અરજદારશ્રી દ્વારા આ નાણા દિન-૫૦માં ભરપાઇ કરવાના રહે છે. ટ્રેઝરી દ્વારા નાણા ભરપાઇ થયાની ખરાઇ થયેથી કલેકટરશ્રી દ્વારા વિધિસરનો હુકમ કરવાનો રહે છે.

મહેસૂલ વિભાગના પરિપત્રથી સુધારો કરવામાં આવેલ છે કે, એકવાર દફતરે કરેલ અરજીના કિસ્સામાં અરજદારશ્રી દ્વારા  એકજ ઇ-મેઇલ/ મોબાઇલ નંબર પરથી પુન: અરજી કરવામાં આવે ત્યારે પ્રોસેસ ફી ૦.૫૦ પ્રતિ ચો.મી. ને બદલે ૦.૧૦ પૈસા પ્રતિ ચો.મી. લેખે વસૂલવાના રહેશે.

મહેસૂલ વિભાગે નાગરિકોને તમામ મહેસૂલી સેવાઓ ઝડપી અને પારદર્શક રીતે મળે તેની કાળજી લીધેલ છે. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના ‘ડિજિટલ ઈન્ડિયા’ ના વિઝન મુજબ રાજ્યમાં મહેસૂલી સેવાઓને ઓનલાઈન, અદ્યતન તથા પારદર્શક બનાવવા અંગે ઉત્કૃષ્ટ કામગીરી મહેસૂલ વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે.

- **તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં બિનખેતી પરવાનગી અંગેની અરજીઓ નીચે મુજબના કારણોથી દફતરે કરવામાં આવેલ છે.**

  (૧) આઇ.આર.સી.એમ.એસ. પોર્ટલ પર રેવન્યુ કેસ પડતર હોવાથી અરજીઓ દફતરે કરવામાં આવે છે.

  (૨) અસલ અરજી તથા સ્વ-ઘોષણા પત્ર સમય મર્યાદામાં રજુ કરેલ ન હોઇ અરજી દફતરે કરવામાં આવે છે.

  (૩) નવી શરતની જમીન હોય પરંતુ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૬૫ હેઠળ અરજી કરેલ હોય, પ્રિમિયમ વસુલ લેવાનુ થતુ હોય અરજી દફતરે કરવામાં આવે છે.

  (૪) અરજદારની મૂળથી ખેડુત ખરાઇ થતી ન હોય અરજી દફતરે કરવામાં આવે છે.

  (૫) જમીનમાં સંપાદનની નોધ થયા બાદ સંપદિત થતી જમીનનું કેજેપી ન થયુ હોવાના કારણે ક્ષેત્રફળમાં વિસંગતતા હોવાથી અરજી દફતરે કરવામાં આવે છે.

  (૬) ગણોતધારાના પ્રોસિડિંગ અધુરા હોવાના કારણે.

  (૭) આઇ.ઓરા પોર્ટલમાં અરજી થયા બાદ ઇ-ધરામાં કાચી નોધ પડેલ હોવાથી અરજી દફતરે કરવામાં આવે છે.

  (૮) ગીરો વ્યવહાર પૂર્ણ થયેલ ન હોય અરજી દફતરે કરવામાં આવે છે.

  (૯) સિવીલ કોર્ટ તથા અન્ય કોર્ટમાં દાવા પડતર હોવાના કારણે અરજીઓ દફતરે કરવામાં આવે છે.

- **અરજદારશ્રી ખેડૂત ખાતેદાર હોવાનું જણાતું ન હોય, ખેડા જિલ્લાના વસો તાલુકાની માત્ર એક અરજી ના મંજૂર કરવામાં આવેલ છે.**

અરજી દફ્તરે થવી અને અરજી નામંજૂર થવી એટલે શું ?

- જો અરજદારની બીનખેતીની અરજી દફ્તરે થાય તો જે કારણોથી દફ્તરે થઇ હોય તેની પૂર્તતા કરીને અરજદાર પુન: અરજી કરી શકે છે.
- જ્યારે અરજી નામંજૂર થઇ હોય તો અરજદાર સક્ષમ સચિવશ્રી પાસે અપિલ અરજી કરીને દાદ મેળવી શકે છે.

# બિનખેતી પરવાનગી બાબત બ્રીફ નોંધ

ગુજરાત જમીન મહેસુલ સંહિતા,૧૮૭૯ અંતર્ગત બિનખેતી પરવાનગીની કાર્યપધ્ધતિ મ.વિ.ના તાઃ ૦૧/૦૭/૨૦૦૮ ના પરિપત્રથી અમલી હતી. જે મુજબ બિનખેતી પરવાનગીની સક્ષમ સત્તા જિલ્લા/ તાલુકા પંચાયત તથા કલેક્ટરશ્રીઓને સોંપવામાં આવેલ હતી.જે મુજબ મહેસુલી ટાઇટલની ચકાસણી દિન-૨૧ માં પુર્ણ કરવાની જવાબદારી મહેસુલી અધિકારીઓની રહેતી હતી. બિનખેતી પરવાનગીની સમગ્ર પ્રક્રીયા ૯૦ દિવસની વૈધાનિક સમયમર્યાદામાં પુર્ણ કરવાની રહેતી.

ડીજીટલ ટેક્નોલોજીના માધ્યમથી અરજદારોને પડતી હાલાકી દૂર કરવાના આશયથી મ.વિ.ના તાઃ ૧૬/૦૮/૨૦૧૮ ના પરિપત્રથી પ્રાયોગિક ધોરણે તથા તાઃ ૧૨/૧૨/૨૦૧૮ના પરિપત્રથી સમગ્ર રાજ્યમાં ઓનલાઇન કરવામાં આવેલ છે.મ.વિ.ના તાઃ ૦૭/૧૨/૨૦૧૮ ના જાહેરનામાથી બિનખેતી પરવાનગીની સક્ષમ સત્તા વસતીના ધોરણે જિલ્લા કલેકટરશ્રીઓ/ નિવાસી અધિક કલેકટરશ્રીઓને એનાયત થયેલ છે.

મહેસૂલ વિભાગના તાઃ ૧૨/૧૨/૨૦૧૮ ના પરિપત્ર દ્વારા બિનખેતી પરવાનગી સંબંધિત કાર્યપધ્ધતિ સમગ્ર રાજ્યમાં ઓનલાઇન કરવામા આવેલ છે.જે વ્યવસ્થા હાલ સુપેરે કાર્યરત છે. આ પ્રક્રીયાને વધુ ઝડપી કરવા માટે પુર્વ ચકાસણી દરમિયાન નિમ્નલિખિત વિગતે અરજીના ગુણ દોષના આધારે પરવાનગીની સમય મર્યાદા સુચવવામાં આવે છે.

| **નિકાલ કરવાનો સુચિત સમય (અંદાજિત)** | **ચકાસણીના મુદ્દા** |
|---|---|
| દિન-૩ થી ૧૦<br>(ગ્રીન ચેનલ) | નવી અને અવિભાજ્ય શરતની જમીન અંગે પ્રિમિયમ વસૂલ લેવામા આવેલ હોય, ગણોતધારાની કલમ-૪૩, ગણોતધારાની કલમ-૬૩ની મંજૂરી આપવામા આવેલ હોય, કોઇપણ કાયદા હેઠળ કેસ રજિસ્ટર્ડ ન થયેલ હોય અથવા કેસ નોંધાયેલ હોય પણ તેના નિર્ણયથી સરકારશ્રીના પક્ષે કોઇ નુકશાન થતુ ન હોય અથવા કાયદાનો ભંગ થતો ન હોય તેવા તથા શરતભંગ ન જણાતો હોય તેવા કિસ્સામાં |

| | |
|---|---|
| દિન ૧૫ થી ૪૫<br>(યલો ચેનલ) | જે કિસ્સામા કોઇ કેસના નિર્ણયથી સરકારશ્રીના પક્ષે નાણાકીય નુકશાન જણાય, કાયદા વિરુધ્ધનો કોઇ હુકમ નોંધાયેલ જણાય, કોઇ કોર્ટના મનાઇ હુકમ, વચગાળાના હુકમની વિગતો જણાય અથવા એવુ અભિપ્રેત થાય કે આ જમીનના સંદર્ભમા મહેસૂલી ટાઇટલ અને સંબંધિત અન્ય કાયદા હેઠળની કાર્યવાહી સંદર્ભે વધુ સઘન તપાસની જરૂર છે અથવા સત્તાપ્રકાર સ્પષ્ટ ન થતો હોય તેવા કિસ્સામા |
| દિન-૪૫ થી ૯૦<br>(રેડ ચેનલ) | જે જમીનના કિસ્સામા ચકાસણી દરમિયાન પ્રાથમિક દ્રષ્ટિએ અરજી હેઠળની જમીન સરકારી જમીન હોવા અંગેનુ નોંધપાત્ર કારણ જણાય-અથવા સંપાદિત થયેલ પૈકી અથવા ભુદાનની અથવા સિલિંગ ફાજલની અથવા તળાવ અથવા રસ્તા પૈકી અથવા કોઇ કાયદાનો સ્પષ્ટ ભંગ થયેલ છે તેમ જણાય અથવા પરવાનગી આપવાથી સરકારશ્રીના પક્ષે નાણાકીય નુકશાન થઇ શકે તેમ છે. |

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૪**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૪૫૩**

**પેટા પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી** યોગેન્દ્રસિંહ પરમાર (ઠાસરા)

| | |
|---|---|
| પેટા પ્રશ્ન ૧ | ખેડા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિનખેતી પરવાનગી મળવા બાબતની મળેલ ઓનલાઇન અરજીઓ પૈકી કેટલી અરજીઓ દફતરે કરવામાં આવેલ છે? |
| જવાબ | ખેડા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિનખેતી પરવાનગી મળવા બાબતની મળેલ ઓનલાઇન ૪૯૨૦ (ચાર હજાર નવસો વીસ) અરજીઓ પૈકી ૧૭૯૭ (એક હજાર સાતસો સત્તાણું) અરજીઓ દફતરે કરવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

અગ્રતા ક્રમ : ૪

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૪૫૩

**પેટા પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી** યોગેન્દ્રસિંહ પરમાર (ઠાસરા)

| | |
|---|---|
| પેટા પ્રશ્ન ૨ | ખેડા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિનખેતી પરવાનગી મળવા બાબતની મળેલ ઓનલાઇન અરજીઓ દફતરે કરવાના કારણો શા છે? |
| જવાબ | (૧) કોર્ટોમાં રેવન્યુ કેસ કે અન્ય દાવાઓ પડતર હોવાથી અરજીઓ દફતરે કરવામાં આવે છે.<br>(૨) અસલ અરજી તથા સ્વ-ઘોષણા પત્ર (એફીડેવીટ) સમય મર્યાદામાં રજુ કરેલ ન હોઇ અરજી દફતરે કરવામાં આવે છે.<br>(3) નવી શરતની જમીન હોય પરંતુ બિનખેતી માટે અરજી કરેલ હોય તો પ્રિમિયમ વસુલ લેવાનુ થતુ હોવાથી અરજી દફતરે કરવામાં આવે છે.<br>(૪) અરજદાર મૂળના ખેડુત ખાતેદાર હોવાની ખરાઇ થતી ન હોય અરજી દફતરે કરવામાં આવે છે.<br>(૫) ક્ષેત્રફળમાં વિસંગતતા હોવાથી અરજી દફતરે કરવામાં આવે છે.<br>(૬) ગણોતધારાના પ્રોસિડિંગ અધુરા હોવાના કારણે.<br>(૭) અરજી થયા બાદ ઇ-ધરામાં કાચી નોધ પ્રમાણિત નહી થઇ હોવાથી અરજી દફતરે કરવામાં આવે છે.<br>(૮) ગીરો વ્યવહાર પૂર્ણ થયેલ ન હોય અરજી દફતરે કરવામાં આવે છે. |

મુખ્ય પેજ પર જાઓ

અગ્રતા ક્રમ : ૪

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૪૫૩

ખેડા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ

## પેટા પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી સંજયસિંહ મહિડા (મહુધા)

| | |
|---|---|
| પેટા પ્રશ્ન ૩ | ખેડા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિનખેતી પરવાનગી મળવા બાબતની મળેલ ઓનલાઇન અરજીઓ પૈકી કેટલી અરજીઓ પડતર છે? |
| જવાબ | ખેડા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિનખેતી પરવાનગી મળવા બાબતની મળેલ ઓનલાઇન અરજીઓ પૈકી કોઇ પણ અરજી પડતર નથી. |

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૪**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૪૫૩**

# પેટા પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી સંજયસિંહ મહિડા (મહુધા)

| | |
|---|---|
| પ્રશ્ન ૪ | અરજી દફ્તરે થવી અને અરજી નામંજૂર થવી એટલે શું ?આ બંનેમાં શું તફાવત છે ? |
| જવાબ | • જો અરજદારની બીનખેતીની અરજી દફ્તરે થાય તો જે કારણોથી દફ્તરે થઇ હોય તેની પૂર્તતા કરીને અરજદાર પુનઃ અરજી કરી શકે છે.<br>• જ્યારે અરજી નામંજૂર થઇ હોય તો અરજદાર સક્ષમ સચિવશ્રી પાસે અપિલ અરજી કરીને દાદ મેળવી શકે છે. |

મુખ્ય પેજ પર જાઓ

અગ્રતા ક્રમ : ૪

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૪૫૩

## પેટા પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી રાજેશકુમાર ઝાલા (કપડવંજ)

| | |
|---|---|
| પેટા પ્રશ્ન ૫ | બિનખેતી પરવાનગી માટે વસુલવામાં આવતી પ્રોસેસ ફી કયા દરે વસૂલવામાં આવે છે? તથા એકવાર દફતરે કરેલ બિનખેતી પરવાનગીની અરજી પુન: કરવામાં આવે ત્યારે કેટલી પ્રોસેસ ફી વસૂલવામાં આવે છે? |
| જવાબ | બિનખેતી પરવાનગી માંગણીવાળી જમીનના ક્ષેત્રફળ આધારિત ૫૦ પૈસા પ્રતિ ચો.મી. ના દરે પ્રોસેસ ફી વસુલવામાં આવે છે. તથા એકવાર દફતરે કરેલ બિનખેતી પરવાનગીની અરજી પુન: કરવામાં આવે ત્યારે ક્ષેત્રફળ આધારિત ૧૦ પૈસા પ્રતિ ચો.મી. ના દરે પ્રોસેસ ફી વસુલવામાં આવે છે. અરજદાર પક્ષે કોઈ ક્ષતિ ન હોય પરંતુ ટેકનીકલ કારણોસર અરજી દફતરે થયેલ હોય તો તે અરજી પુન: રજૂ કરવામાં આવે તો કોઈ પ્રોસેસ ફી વસુલવાની રહેતી નથી. |

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૪**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૪૫૩**

<table>
<tr><td>પેટા પ્રશ્ન ૬</td><td>બિનખેતી પરવાનગી આપવાની વૈધાનિક સમયમર્યાદા કેટલી છે ?</td></tr>
<tr><td>જવાબ</td><td>બિનખેતી પરવાનગી આપવાની વૈધાનિક સમયમર્યાદા ૯૦ દિવસની છે. પરંતુ અમારી સરકારે નીચે દર્શાવ્યા અનુસાર સમયમર્યાદામાં વર્ગીકૃત કરી લોકહિતમાં અરજીઓનો ઝડપી નિકાલ કરવામાં આવે છે.<br><table><tr><th>ચેનલ</th><th>અરજી નિકાલ સમયમર્યાદા</th></tr><tr><td>ગ્રીન ચેનલ</td><td>૧૦ દિવસ</td></tr><tr><td>યલો ચેનલ</td><td>૪૫ દિવસ</td></tr><tr><td>રેડ ચેનલ</td><td>૯૦ દિવસ</td></tr></table></td></tr>
</table>

મુખ્ય પેજ પર જાઓ

અગ્રતા ક્રમ : ૪

| | |
|---|---|
| પેટા પ્રશ્ન ૭ | બિનખેતી પરવાનગીના નાણાં ભરપાઇ કરવાની જાણ થયા બાદ કેટલી સમયમર્યાદામાં તે ભરપાઇ કરવાના રહે છે? |
| જવાબ | બિનખેતી પરવાનગીના નાણાં ૫૦ દિવસની સમયમર્યાદામાં ભરપાઇ કરવાના રહે છે. |

અગ્રતા ક્રમ : ૪

| | |
|---|---|
| પેટા પ્રશ્ન ૮ | બિનખેતી પરવાનગી સબંધિત કાર્યપદ્ધતિ સમગ્ર રાજયમાં કયારથી ઓનલાઇન કરવામાં આવેલ છે? |
| જવાબ | રાજ્યમાં ડીજીટલ ટેકનોલોજીના માધ્યમથી નાગરિકો કર્મચારી સાથે સીધા સંપર્ક વિના સેવાઓ મેળવી શકે તથા છેવાડાના માનવી સુધી સેવાઓ પહોચે તે માટે વિવિધ મહેસૂલી સેવાઓને આઇ.ઓરા પોર્ટલ પર ઓનલાઈન કરી સરળ, ઝડપી અને પારદર્શી કરવામાં આવેલ છે. બિનખેતી પરવાનગી સબંધિત કાર્યપદ્ધતિ મહેસૂલ વિભાગના તા.૧૨/૧૨/૨૦૧૮ના પરિપત્રથી સમગ્ર રાજયમાં ઓનલાઇન કરવામાં આવેલ છે. |

અગ્રતા ક્રમ : ૪

| | |
|---|---|
| પેટા પ્રશ્ન ૯ | બિનખેતી પરવાનગીની અરજી સાથે અરજદારશ્રી દ્વારા ક્યાં-ક્યાં આધારપુરાવા/ દસ્તાવેજો જોડવાના રહે છે? |
| જવાબ | બિનખેતી પરવાનગીની અરજી સાથે અરજદારશ્રી દ્વારા માત્ર અરજી અને સ્વઘોષણાપત્ર જોડવાના રહે છે. |

અગ્રતા ક્રમ : ૪

| | |
|---|---|
| પેટા પ્રશ્ન ૧૦ | પ્રોસેસ ફી કયા મોડમાં જમા કરાવી શકાય છે? |
| જવાબ | ડેબીટ કાર્ડ , ક્રેડીટ કાર્ડ, નેટ બેન્કિંગથી પ્રોસેસ-ફી જમા કરાવી શકાય છે. |

મુખ્ય પેજ પર જાઓ

# પૂરક નોંધ

ખેડા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિનખેતી માટેની પરવાનગી માગતી બાબતની કુલ–૪૯૨૦ ઓનલાઈન અરજીઓ મળેલ છે અને તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કુલ ૩૧૨૨ અરજીઓ મંજુર કરવામાં આવેલ છે. તા/૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ૧૭૯૭ અરજીઓ દફતરે કરવામાં આવી તેમજ ૧ અરજી ના મંજૂર કરવામાં આવેલ છે. તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ બિનખેતી માટેની પરવાનગી અરજીઓ પૈકી હાલની સ્થિતિએ એક પણ અરજીઓ પડતર નથી.

| મળેલી અરજીઓ | મંજુર અરજી | દફતરે | ના-મંજુર અરજી |
|---|---|---|---|
| ૪૯૨૦ | ૩૧૨૨ | ૧૭૯૭ | ૧ |

## IORA પોર્ટલ : ડિજિટલ ગુજરાતની દિશામાં મહેસૂલ વિભાગનું ક્રાંતિકારી કદમ

- રાજ્યના નાગરિકોને ઘરે બેઠા સરળતાથી સેવાઓ પુરી પાડવા ડિજિટલ ગુજરાતની દિશામાં મહેસૂલ વિભાગે અનેક નક્કર કદમ ઉઠાવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા ટેક્નોલોજીના ઉપયોગ થકી નાગરિકો કર્મચારી સાથે સીધા સંપર્ક વિના સેવાઓ મેળવી શકે તે માટે જનહિત લક્ષી વિવિધ મહેસૂલી સેવાઓને ઓનલાઈન કરી સરળ, ઝડપી અને પારદર્શી કરવામાં આવી છે. ખૂબજ ટુંકા ગાળામાં વિવિધ મહેસૂલી સેવાઓને i ORA પોર્ટલ પર ઓનલાઈન કરી, સેવાઓનું ફેસલેસ પધ્ધતિથી અમલીકરણ થઈ રહ્યું છે. જેમાં હયાતીમાં હક્કદાખલ નોંધ, ડીજીટલી સીલ્ડ પ્રોપર્ટીકાર્ડની નકલ, ડીજીટલી સાઇન્ડ દસ્તાવેજની પ્રમાણિત નકલ, કલમ-૭૩એએ હેઠળ પરવાનગી, ખેડૂત ખરાઈ પ્રમાણપત્ર, વારસાઈ, જમીન માપણી, પ્રીમીયન તથા બિનખેતી પરવાનગી બાબતની વિવિધ સેવાઓ સામેલ છે.
- સેન્ટ્રલ પી.એસ.ઓ. યુનિટ, સચિવાલય, ગાંધીનગર દ્વારા અરજીની પૂર્વ ચકાસણી કરી અરજી હેઠળની વિગતો અને મહેસૂલ રેકર્ડ ચકાસી અરજીને નીચે દર્શાવ્યા અનુસાર સમયમર્યાદામાં વર્ગીકૃત કરે છે.

| ચેનલ | અરજી નિકાલ સમયમર્યાદા |
|---|---|
| ગ્રીન ચેનલ | ૧૦ દિવસ |
| યલો ચેનલ | ૪૫ દિવસ |
| રેડ ચેનલ | ૯૦ દિવસ |

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં બિનખેતી પરવાનગી અંગેની અરજીઓ નીચે મુજબના કારણોથી દફતરે કરવામાં આવેલ છે.

(૧) આઇ.આર.સી.એમ.એસ. પોર્ટલ પર રેવન્યુ કેસ પડતર હોવાથી અરજીઓ દફતરે કરવામાં આવે છે.

(૨) અસલ અરજી તથા સ્વ-ઘોષણા પત્ર સમય મર્યાદામાં રજુ કરેલ ન હોઇ અરજી દફતરે કરવામાં આવે છે.

(૩) નવી શરતની જમીન હોય પરંતુ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૬૫ હેઠળ અરજી કરેલ હોય, પ્રિમિયમ વસુલ લેવાનુ થતુ હોય અરજી દફતરે કરવામાં આવે છે.

(૪) અરજદારની મૂળથી ખેડુત ખરાઇ થતી ન હોય અરજી દફતરે કરવામાં આવે છે.

(૫) જમીનમાં સંપાદનની નોધ થયા બાદ સંપદિત થતી જમીનનું કેજેપી ન થયુ હોવાના કારણે ક્ષેત્રફળમાં વિસંગતતા હોવાથી અરજી દફતરે કરવામાં આવે છે.

(૬) ગણોતધારાના પ્રોસિડિંગ અધુરા હોવાના કારણે.

(૭) આઇ.ઓ.આર.એ. પોર્ટલમાં અરજી થયા બાદ ઇ-ધરામાં કાચી નોધ પડેલ હોવાથી અરજી દફતરે કરવામાં આવે છે.

(૮) ગીરો વ્યવહાર પૂર્ણ થયેલ ન હોય અરજી દફતરે કરવામાં આવે છે.

(૯) સિવીલ કોર્ટ તથા અન્ય કોર્ટમાં દાવા પડતર હોવાના કારણે અરજીઓ દફતરે કરવામાં આવે છે.

મુખ્ય પેજ પર જાઓ